# ડિજિટલ ગુજરાત શિષ્યવૃતિ 2026-27

## SC/ST/OBC/EWS ના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ ની નોટિસ

- આર આર લાલન કોલેજ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ને જણાવવા નું કે વર્ષ 2026–27 માટે ની ડિજિટલ ગુજરાત ની શિષ્યવૃતિ ના ઓનલાઈન ફોર્મ ભરવા ના શરૂ થઈ ગયા છે.
- લાલન કોલેજ ના વિદ્યાર્થી માટે ઓનલાઈન ફોર્મ ભરવા ની અંતિમ તારીખ : **30/09/2026**
- ફોર્મ ભર્યા બાદ ડોક્યુમેન્ટ જમા કરવા ની અંતિમ તારીખ : **30/09/2026**
- આ વર્ષે શિષ્યવૃતિ ના ફોર્મ ભરવા માટે બીજી અન્ય કોઈ નવી તારીખ જાહેર કરવા માં આવશે નહીં જેની નોંધ લેવી.
- ઉપરોક્ત તારીખ સુધી માં શિષ્યવૃતિ નું ફોર્મ ભરવા ની જવાબદારી દરેક વિદ્યાર્થી ની રહેશે. **તારીખ પૂરી થઈ જાય પછી કોઈ પણ વિદ્યાર્થી નું ફોર્મ સ્વીકારવા માં આવશે નહીં જેની દરેક વિદ્યાર્થી એ નોંધ લેવી**. આશરે ફોર્મ ભરવા માટે 30 થી 45 દિવસ નો સમય આપવા નો આવેલ છે શિષ્યવૃતિ સંબંધિત કોઈ ડોક્યુમેન્ટ ન હોય જેમ કે આવક નો દાખલો નવો કાઢવાનો હોય તો માત્ર 2 થી 5 દિવસ માં સંબંધિત કચેરી માંથી નવો દાખલો કાઢી આપવા માં આવે છે એટલે કોઈ ડોક્યુમેન્ટ ન હોય તો તાત્કાલિક કાઢી લેવું.
- ઓનલાઈન ફોર્મ ભરતી વખતે નીચે આપેલ લિસ્ટ ના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવા ના રહેશે.
- ફોર્મ ભર્યા બાદ નીચે આપેલ ડોક્યુમેન્ટ ઓનલાઈન ફોર્મ ની કોપી સાથે જમા કરવા ના રહેશે.

# ડિજિટલ **ગુજરાત** શિષ્યવૃતિ 2026-27

## ડોક્યુમેન્ટ લિસ્ટ

- શિષ્યવૃતિ નું ઓનલાઈન ફોર્મ  (2 કોપી માં)
- આવક નો દાખલો ( એપ્રિલ 2024 પછી નો)
- જાતિ નો દાખલો (**EWS** માટે **EWS** નું સર્ટિફિકેટ ફરજિયાત)
- બેન્ક પાસબુક
- હાલ ના સેમેસ્ટર ની ફી ની રિસીપ
- ધોરણ 10 ની માર્કશીટ
- ધોરણ 12 ની માર્કશીટ
- કોલેજ ની તમામ સેમેસ્ટર ની માર્કશીટ (એક જ PDF માં તમામ સેમેસ્ટર ની માર્કશીટ મર્જ કરવી, 2026 ની માર્કશીટ પ્રથમ પેજ માં રાખવી)
- સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ
- આધાર કાર્ડ
- રેશન કાર્ડ ( આ વખતે રેશન કાર્ડ જમા કરવું ફરજિયાત છે)
- જો પિતા હયાત ન હોય તો પિતા નું મરણ નું પ્રમાણપત્ર અને માતા નો આવક નો દાખલો
- જો હોસ્ટેલર હોય તો હોસ્ટેલ નું પ્રમાણપત્ર (ગૃહપતિ ના સહી સિક્કા વાળું)
- જો અભ્યાસ માં ગેપ હોય તો ગેપ નું એફિડેવિટ ઓરીજનલ જમા કરવું અને ઓરીજનલ કોપી અપલોડ કરવી.

# ડિજિટલ ગુજરાત શિષ્યવૃતિ 2026-27

## શિષ્યવૃતિ નું ફોર્મ રદ ન થાય તે માટે શું કાળજી રાખવી?

- ઓનલાઈન ફોર્મ માં કોઈ ભૂલ થાય તો **Withdraw** ના **option** પર ક્લિક કરી ને ફોર્મ **edit** કરી શકાશે. એક થી વધુ વખત ફોર્મ ભરવા થી ફોર્મ રદ થઈ શકે છે.
- જો **Withdraw** નો **Option** ન દેખાતો હોય તો સંસ્થા માં વિદ્યાર્થી શાખા ની બારી માં શિષ્યવૃતિ નું ફોર્મ જમા કરવી ને **Unlock** કરવા માટે અરજી કરવા ની રહેશે. અરજી આપ્યા બાદ 5 દિવસ સુધી માં ફોર્મ **Unlock** થશે.
- જે વિદ્યાર્થી ફોર્મ **Renew** કરે છે તે વિદ્યાર્થી એ હાલ ના સેમેસેટર ની ફી રિસીપ અને માર્કશીટ નવી અપલોડ કરવી. તેમજ અભ્યાસ ની વિગતો માં સુધારો કરવો.
- આવક ના દાખલ તારીખ ખાસ ચેક કરવી એપ્રિલ 2024 પહેલા નો આવક નો દાખલો માન્ય રાખવા માં આવશે નહીં.
- વર્ષ 2026–27 ની શિષ્યવૃતિ મેળવવા માટે **Adhar Based Biometric eKYC** કરવું ફરજિયાત છે અન્યથા શિષ્યવૃતિ મળવા પાત્ર રહેશે નહીં.
- **Adhar Based Biometric eKYC** માં "**Yes**" હશે તો જ વિદ્યાર્થી ઓનલાઈન અરજી કરી ને સબમિટ કરી શકશે.
- આધાર કાર્ડ બેન્ક અકાઉન્ટ સાથે લિન્ક કરવું. (બેન્ક માંથી થશે)
- આધારકાર્ડ **NPCI** સાથે લિન્ક કરવું. (બેન્ક માંથી થશે)
- બેન્ક માં **DBT** ઓપ્શન **Enable** રાખવું ( બેન્ક માંથી થશે)
- **ATKT** હોય તો કુલગુણ પર થી ટકા કાઢી ને ટકાવારી લખવી.
- **SC** કેટેગરી ના વિદ્યાર્થીઓ એ ઓળખ કાર્ડ ની જગ્યા એ આધારકાર્ડ અપલોડ કરવું.
- દરેક વિદ્યાર્થી એ ધોરણ 10 , ધોરણ 12 અને કોલેજ ની માર્કશીટ અપલોડ કરવી.
- ફોર્મ ભરવા માં જે મોબાઈલ નંબર રાખેલ હોય તે મોબાઈલ નંબર માંથી **Whatsapp Account** ફરજિયાત બનાવી લેવું આધુરાશ અંગે ની જાણ **Whatsapp** થી કરવા માં આવશે.
- ફોર્મ ભરવા માં ઇ મેલ અને મોબાઈલ નંબર કાળજી પૂર્વક સાચો નાખવો.

# ડિજિટલ ગુજરાત શિષ્યવૃતિ 2026-27

## કઈ યોજના માં ફોર્મ ભરવું ?

- **PM Yasashvi** યોજના – **OBC, SEBC, EWS** કેટેગરી માટે
- **BCK** 6.1 – **SC** કેટેગરી માટે
- **Umbrella Scholarship** – **ST** કેટેગરી માટે

## Adhar Based Biometric eKYC કઇ રીતે કરવું ?

વિદ્યાર્થી **Adhar Based Biometric eKYC** જુદા જુદા ઓપ્શન થી કરી શકે છે. **Adhar Based Biometric eKYC** ક્યાં થી કરી શકાય તેની વિગત નીચે આપેલ છે.

1. **My Ration** નામ ની એપ્લિકેશન માંથી. ( ગૂગલ પ્લે સ્ટોર માં સર્ચ કરવું)
2. મામલતદાર કચેરી ની પુરવઠા શાખા અથવા મહાનગર પાલિકા વિસ્તાર માં ઝોનલ ઓફિસ
3. ગ્રામ પંચાયત ની કચેરી માંથી

જે વિદ્યાર્થી ને **Adhar Based Biometric eKYC** કરવાનું થાય છે તેઓ પાસે રેશન કાર્ડ હોવું જરૂરી છે તેમજ રેશન કાર્ડ માં નામ હોવું જરૂરી છે તેમજ રેશન કાર્ડ આધારકાર્ડ સાથે લિન્ક થયેલો હોવો જરૂરી છે.

# ડિજિટલ ગુજરાત શિષ્યવૃતિ 2026-27

## શિષ્યવૃતિ ના ફોર્મ માં નીચે મુજબ ફી ની વિગતો નાખવી.

| COURSE | M/F | ADMISSION FEES | TUITION FEES | OTHER FEES | EXAM FEES |
|---|---|---|---|---|---|
| **FY BA** | MALE | 100 | 1200 | 2135 | 1100 |
| | FEMALE | 100 | 0 | 2135 | 1100 |
| **SY BA** | MALE | 100 | 1200 | 1975 | 1100 |
| | FEMALE | 100 | 0 | 1975 | 1100 |
| **TY BA** | MALE | 100 | 1200 | 1575 | 950 |
| | FEMALE | 100 | 0 | 1575 | 950 |
| **FY BSC** | MALE | 100 | 1200 | 2335 | 1900 |
| | FEMALE | 100 | 0 | 2335 | 1900 |
| **SY BSC** | MALE | 100 | 1200 | 2175 | 1950 |
| | FEMALE | 100 | 0 | 2175 | 1950 |
| **TY BSC** | MALE | 100 | 1200 | 1775 | 1865 |
| | FEMALE | 100 | 0 | 1775 | 1865 |

- દરેક વિદ્યાર્થી એ ફોર્મ માં ઉપર ના કોષ્ટક પ્રમાણે જે ફી લાગુ પડતી હોય તે ફી શિષ્યવૃતિ ના ફોર્મ માં ફરજિયાત દર્શાવવા ની રહેશે. અન્યથા તેઓ નું ફોર્મ રદ થઈ શકે છે.
- **સત્ર શરૂ થયા ની તારીખ : 16 જૂન 2026**
- **સત્ર સમાપ્ત થયા ની તારીખ : 30 એપ્રિલ 2027**

# ડિજિટલ ગુજરાત શિષ્યવૃતિ 2026-27

**લાલન કોલેજ ની વિદ્યાર્થી શાખા ની તમામ માહિતી જેમ કે માર્કશીટ વિતરણ, શિષ્યવૃતિ વગેરે ની માહિતી માટે Whatsapp ગ્રુપ જોઈન કરો.**




**ગ્રુપ માં જોડાવા માટે Follow ના બટન પર ક્લિક કરવું**

**PDF માં કોઈ પણ જગ્યા એ ક્લિક કરવા થી Group open થશે ત્યારબાદ Follow ના બટન પર ક્લિક કરવા થી ગ્રુપ જોઈન કરી શકાશે.**